## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તમને સમય નથી અને મારો સમય નથી;
કોણે કહ્યું કે આપણી વચ્ચે પ્રણય નથી ?!

બાપુભાઇ ગઢવી

### પાથેય

- રમેશ ઠક્કર

## આવેલા સપનાનો લ્હાવો એટલે પ્રેમ

પ્રેમમાં ઐતિહાસિક જેવું કશું ના હોય.એનું ગણિત પણ ના હોઈ શકે. લોકોમાં એની કિવદંતિઓ હોઈ શકે.પરંતું જે માણસ પ્રેમ કરે છે એને પ્રેમગાથા લખવાની જરૂર પડતી નથી..આપણે મન પ્રેમ એટલે વિજાતીય સંબંધો..વિરહ ને તડપ ને કૂતુહલ..છાનું રે છપનું ને એવું બધું ! આટલેથી અટકે એવો પ્રેમ ના હોઈ શકે..એની સીમાઓ અફાટ છે.

હકિકતમાં લાગણીસંચારનો અલગ પ્રવાહ જ હોય છે.પ્રેમની પરિભાષા અઘરી છે..પ્રેમ સ્પર્શનો પણ હોય..કાજળભર્યાં નયનનો હોય..અને ગોરા મુખડાનો પણ હોય..કોઈની હારે નેડો લાગવો એ જેવી તેવી વાત નથી..જાણે અજાણે આપણે સહુ સુંદર ચહેરાને શોધતા રહીએ છીએ...આ ઉપરચોટિયો અનુભવ ગણાય..

અલબત ચંદ્રકાંત બક્ષી આવું ન્હોતા માનતા..એમના મતે દૈહિક આકર્ષણ જ મૂખ્ય બાબત છે...એ કહેતા ‘મારી નવલકથાઓની હિરોઈન હંમેશાં ડાર્ક એટલે કે કાળી હોય છે...’ પ્રેમને ગોરાપણા કે બાહ્ય અમીરાત સાથે કોઈ સંબંધ નથી..એ અવ્યક્ત હોય છે..પ્રેમની વ્યથા હોય કથા નહીં..પ્રેમીઓ કદી પોતાની સ્ટોરી આલેખતા નથી..એમની લવસ્ટોરી હંમેશાં બીજા લખે છે..

પ્રેમ એ ધરતીમાં ધરબાઈ ગયેલું મોહે-જોં-ડેરો છે..એના ઉત્ખનનનો પણ રોમાંચ હોય છે..વસવસો એ કદાચ વળગણ હોઈ શકે..પ્રેમની પળો હોય એના યુગ ના હોય..રમેશ પારેખ કંઈક આવું પણ કહે છે..‘ હથેળી બહુ વ્હેમ વાળી જગા છે..અહીં સ્પર્શ વસતા જે પ્રેતો થયાં છે..’ આ પ્રેત એ વીર માંગડાવાળા જેવું હોય જેમાં પદમાવતીનું હેત હોય..એક હજાર નવચંદરી ભેંસોની તલાશ કરતા વિજાણંદની મથામણ હોય..અને એમાં એ સફળ જ થશે એવી શેણીની શ્રધ્ધા હોય..

પ્રેમ એ જોનારની આંખમાં હોય છે..‘આસીમ’ રાંદેરી સરસ લખે છે..’મોહબ્બત થાય છે પણ થઈ જતાં બહુ વાર લાગે છે..મોહબ્બત ચીજ છે એવી જે રસ્તામાં નથી હોતી ‘ કોઈના પ્રીતિપાત્ર થવું એ દુર્લભ વાત છે...ખુબ બુધ્ધિશાળી લોકો પ્રેમ કરી શકતા નથી..એ સમદુખિયાંનો સહચાર છે..

પન્નાલાલ પટેલ એમની આત્મકથામાં કહે છે..‘ છોકરીઓને બહુ દેખાવડા કે હોશિયાર છોકરા કરતાં..અલ્લડ છોકરા વધુ ગમે છે..’ પ્રેમની આવી ઘણી વાતો છે..મને પ્રેમની કોઈ અનુભૂતિ થઈ છે ? એવું કોઈ પૂછે તો મારી કેફિયતમાં મારે ફકત એટલું જ કહેવાનું એમ શબ્દોમાં બંધાય એ સ્નેહ નહીં.હું જો કે પ્રણયકથાનો નહીં પ્રણયવ્યથાનો માણસ છું..મને કોઈ પ્રેમ કરે એવી શરત હું કયારેય રાખતો નથી..ચાહવાની ચીજને હું સહજ ચાહી લેતો હોઉં છું..મને કોણ પ્રેમ કરે છે એવી જમા નોંધ રાખતો નથી..,પણ હું ઘણા બધાને પ્રેમ કરું છું.અને એની પુરાંત રાખું છું.. !!

# પ્રેમપંથ પાવકની જવાળા

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વયુદ્ધના કગાર પર ઊભેલી દુનિયામાં એક પ્રેમ દિવસ પણ ઊજવાતો રહે છે તે કોઈ નાનુંસૂનું આશ્વાસન નથી. યુક્રેનને ઘેરો ઘાલીને યુદ્ધની તૈયારીમાં પડેલું રશિયા પણ એના સર્વોચ્ચ નેતાના અંતરંગને તો ઓળખે છે. પુતિન સક્ષમ રાજનેતા હોવા પહેલાં એક અઠંગ પ્રેમી છે. નવાઈ એ વાતની કે પ્રેમ જ યુદ્ધના પાયામાં પડેલી ચિનગારી બની રહેતો આવ્યો છે - એ રામરાવણનું યુદ્ધ હોય, મહાભારતનો સંગ્રામ હોય કે ઈલિયડ-ઓડિસી જેવાં મહાકાવ્યોનાં વર્ણવાતાં યુદ્ધો હોય. કહેવત પણ પડી ગઈ છે : ‘એવરીથિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વોર !’ તો શું એટલે જ આપણા સંત કવિ પ્રીતમદાસને એવું ગાવું પડ્યું હશે ? ‘હરિના મારગ’ કાવ્ય આપણે બધા શાળાકાળ દરમિયાન ભણ્યા છીએ - એ તો શૂરાનો માર્ગ છે, ત્યાં કાયરનું ગજું નહીં કે પગ મૂકવાની હિંમત કરે.

પ્રેમપંથ પાવકની જવાળા
ભાળી પાછા ભાગે જોને,
... માંહી પડ્યા તે મહાસુખ માણે
દેખણ હારા દાઝે જોને....

આ પ્રેમનો માર્ગ જયારે આધ્યાત્મિક વાઘા પહેરે છે ત્યારે ભક્તિ સ્વરુપે પ્રગટે છે : મીરાં કે નરસિંહ એનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. કૃષ્ણપ્રેમમાં પાગલ બનેલી મીરાંને રાણો ગમે તેટલો ત્રાસ આપે તો પણ એ પાછી વળવા તૈયાર નથી. આખરે એ રાજરાણી એનો રાજમહેલ છોડી એના શાશ્વત પ્રેમીના સાંનિધ્યમાં પહોંચવા સાઢણી શણગારે છે :

ડાબો મેલ્યો મેવાડ, મીરાં ગઈ પશ્ચિમ માંય;
સરવ છોડી મીરાં નીસર્યાં જેનું માયામાં મનડું ના કાંય !

કારણ કે એને મારે તો ‘ગોવિંદો’ જ એનો પ્રાણ હતો. પ્રેમ હંમેશાં બલિદાન માગે છે. શેણી-વિજાનંદ, શીરીં-ફરહાદ કે સોહિણી-મહિવાલ જેવાં પ્રેમી જોડલાં હોય, એ પૃથ્વીરાજ-સંયુક્તા હોય કે ઢોલો અને મારું હોય - એમને આખરે તો પ્રેમની પવિત્ર વેદી પર હોમવાનું જ છે. તો પછી પેલા સત્યના માર્ગે ચાલનારા તપસ્વીઓનું પણ એ જ ભવિષ્ય છે ને?

સોક્રેટિસ, બુદ્ધ, ગાંધી... ઈસુ, એમને ‘સત્ય’ ખાતર શહીદી વહોરી. સત્ય અને પ્રેમ એક જ સિક્કાની બે બાજુઓ જેવાં છે. સંત વેલેન્ટાઈન પ્રેમી યુગલોને અનુકૂળતા કરી આપતા હતા : એમને તત્કાલિન જડ નીતિનિયમો વિરુદ્ધ સમર્થન અને આશ્રય પ્રદાન કરતા હતા. આખરે સત્તાધીશોએ એમનો જીવ લીધો - પણ પ્રેમજગતમાં એ અમર થઈ ગયા. પ્રેમ માત્ર સ્ત્રી અને પુરુષ વચ્ચે જ હોય એવું નથી; એ વાત્સલ્યરુપે માતાનાં સ્તનોમાંથી ઝરતો રહે છે, એ વૃદ્ધ વડીલોની આંખોમાંથી આશીર્વાદ સ્વરુપે ટપકતો રહે છે. કયારેક એ ‘રાષ્ટ્રપ્રેમ’ બનીને ફૂલેફાલે છે અને કોઈ ભગતસિંહ ‘ઈન્કિલાબ ઝિંદાબાદ’ ના નારા લગાવતો હસતે મોઢે ફાંસીના ફંદે લટકી પડે છે. કોણ જાણે કેમ, આપણે કૃષ્ણના મુલકની પ્રજા ‘વેલન્ટાઈન ડે’ ને રાધાકૃષ્ણના વૃંદાવનની કુંજગલીના પ્રેમથી જુદો ગણી કયારેક ઉવેખી બેસીએ છીએ. વિશ્વના ઈતિહાસમાં કૃષ્ણથી મોટો કોઈ પ્રેમી પાક્યો નથી અને રાધાથી ચડિયાતી કોઈ પ્રેમિકા જન્મી નથી. સમાધિ લગાવીને બેઠેલા દેવાદિદેવ મહાદેવને પણ પાર્વતીનો પ્રેમ પીગળાવી શકે છે...

આવો, એ પ્રેમપર્વનો મહિમા કરીએ. પૂર્વગ્રહો છોડીએ. પ્રેમ કરીએ. હરિનો એ જ મારગ છે.

રહિમન ધાગા પ્રેમ કા મત તોડો છિટકાય :
તૂટે સે ફિર ના મિલે, મિલે ગાંઠ પડ જાય !

# હિસાબો જમા નહી કરાવનાર ટ્રસ્ટો સામે ફોજદારી કાર્યવાહી થશે




૧૯૫૦ પબ્લીક ટ્રસ્ટ એકટ મુજબ નોંધાયેલ સાર્વજનિક ટ્રસ્ટોના હિસાબો રજુ કરવા તથા ઓડિટ કરાવવા ફરજીયાત કરવામાં આવ્યા છે. તેમ છતાં લાખો ટ્રસ્ટો ફાળાની રકમનો હિસાબોનું ઓડિટ કરાવી ઓડિટ ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં સમયસર જમા કરાવતા નથી કે આઈ.ટી. રીટર્ન પણ ભરતા નથી. આમાનાં કેટલાક ટ્રસ્ટોનો ૮૦(જી)નું ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મેળવી સમાજમાંથી મોટા પ્રમાણમાં ડોનેશન ઉઘરાવી તેનો બારોબાર વહીવટ કરે છે અને ગેરવહીવટ થતો હોવાનું પણ જાણમાં આવ્યું છે. આવા તમામ ટ્રસ્ટો ના સામે ફોજદારી કાર્યવાહી કરી શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે ગુજરાત ચેરિટિ કમિશ્નરશ્રીના એક પરિપત્રમાં તાજેતરમાં જણાવી તમામ સાર્વજનિક ટ્રસ્ટોને તાકીદ કરવામાં આવી છે.

સાર્વજનિક ટ્રસ્ટોના હિસાબો રજુ કરી દેવા માટે વહીવટી ફાળાની રકમ જમા કરાવી દેવા માટે નોટિસ મળ્યા બાદ પણ હિસાબો રજૂ ન કરનાર અને વહીવટી ફાળાની જમા ન કરાવનાર સાર્વજનિક ટ્રસ્ટો અને ટ્રસ્ટોઓ માટે શિક્ષાત્મક પગલા ભરવા ગુજરાત ચેરિટિ કમિશ્નરશ્રી વાય.એમ. શુક્લા દ્વારા પગલા ભરવા જાહેરાત કરવામાં આવતા ટ્રસ્ટીઓમાં ખળભળાટ વ્યાપી ગયો છે. કેટલાક ટ્રસ્ટોમાં ટ્રસ્ટીઓ વચ્ચે વિવાદનાં કારણે હિસાબો સમયસર રજુ થતાં નથી. ઓડિટ કરાવતા નથી કે ચાર્ટડ એકાઉટન્ટનાં રીપોર્ટ પણ સમયસર રજુ થતાં નથી. તેમજ જુના ટ્રસ્ટીઓ કાર્યભારનો સમય વિતિ ગયા બાદ પદ છોડતા ના હોય ફોર્મ નં. ૨૦ ભરી સોગંદનામા સાથે નવા ટ્રસ્ટીઓની નિમણૂક ને ચેરીટી કમિશ્નરશ્રીની બહાલી મેળવતા નથી. એકતરફી શાસન ચલાવી વહીવટમાં ગેરરીતિ આચરી લાખો-કરોડોનો વહીવટ કરતા આવ્યા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. માંગણા નોટીસ મુજબની ફાળાની રકમ જમા કરાવેલી નહી હોય તો ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ સામે ભારતીય ફોજદારી ધારા અન્વયે કાર્યવાહી કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

રાજ્યમાં ચેરિટી કમિશ્નરમાં નોંધાયેલા મંદિરો, જ્ઞાતિની વાડીઓ, ધર્મશાળાઓ, પાંજરાપોળ, ગૌશાળાઓ, શૈક્ષણિક સંસ્થાઓ છાત્રાલયો, હોસ્પિટલો, અતિથિગૃહો, હવેલીઓ, ગ્રાહક સુરક્ષા અને ખાદી વિષયક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ જેવી સાર્વજનિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ અને તેના ટ્રસ્ટીઓ પૈકી ઘણી બધી સંસ્થાઓએ તા. ૩૧/૦૩/૨૦૨૧ સુધીના કે તે અગાઉનાં હિસાબો રજુ કર્યા ન હોવાનું સામે આવ્યું છે. ચેરિટિ તંત્રની જીલ્લા કચેરી દ્વારા વહીવટી ફાળાની રકમ જમા કરાવવા માંગણાં, નોટીસો મોકલવામાં આવી છે અને તેવી સંસ્થાઓ અને તેના વહીવટદારોએ આવી માંગણા નોટીસોની રકમ સમયસર ચેરિટિ કમિશ્નરશ્રીની કચેરીમાં જમા કરાવેલી નથી કે હિસાબો પણ રજુ કર્યા નથી. તેવા ટ્રસ્ટના સંચાલકો, ટ્રસ્ટીઓ સામે હવે ચેરિટિ તંત્ર દ્વારા આક્રમક પગલા લેવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

સાર્વજનિક ટ્રસ્ટનાં હિસાબો નિયમિત રીતે ન રાખવા અને નિયત સમય મર્યાદામાં ઓડિટ રીપોર્ટ રજુ ન કરવા બદલ દરેક ટ્રસ્ટની સામે માંગણા નોટીસો મુજબની વહીવટી ફાળાની રકમ જમા ના કરાવવા બદલ ફોજદારી કાર્યવાહી કરવાપાત્ર થાય છે. ઉપરાંત કેટલાક ટ્રસ્ટી તેવું માને કે, હિસાબો રજુ કરવાની અને વહીવટી ફાળાની રકમ જમા કરવાની જવાબદારી માત્ર પ્રમુખ, મેનેજીંગ ટ્રસ્ટી, ચેરમેન કે મંત્રી જેવા હોદ્દેદારોની જ છે, પરંતુ કાયદાની જોગવાઈ અનુસાર દરેક ટ્રસ્ટીઓ આના માટે જવાબદાર છે.

દરેક ટ્રસ્ટની પવિત્ર ફરજ છે કે, પોતાના ટ્રસ્ટમાં હિસાબો બરાબર લખાય છે કે નહી. હિસાબોનું ઓડિટ થાય છે કે નહી, તેમજ આઈ.ટી. રીર્ટન ભરાય છે કે નહી, તેમજ ઓડિટ થયેલા હિસાબો દર વર્ષે મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા ચેરિટિ કમિશ્નરશ્રીમાં જમા કરવામાં આવે છે કે નહિ, તેમજ માંગણા નોટીસ મુજબની રકમ જમા કરવામાં આવી છે કે કેમ ? તેમજ મૃત્યુ પામેલા ટ્રસ્ટીઓની જગ્યાએ નવા નિયુક્ત ટ્રસ્ટીઓના ફેરફાર સોગંદનામાં સામે ફોર્મ નં. ૨૦ મુજબ યોગ્ય ફોર્મમાં ચેરિટિ કમિશ્નરમાં મંજુર કરવામાં આવ્યા છે કે રાજીનામું આપેલા હોદ્દેદારોનાં રાજીનામાં મંજુર બહુમતીથી ઠરાવ પસાર કરીને કરેલા છે કે કેમ? અમુક ટ્રસ્ટમાં ઠરાવબુકમાં ઠરાવ વગર કરવાની જગ્યાએ નોટબુકમાં સાદા કાગળ ઉપર લખાણ કરી સહીઓ કરી ચેરીટી કમિશ્નરમાં રજુ કરવાનાં દાખલા સામે આવ્યા છે, તથા કેટલાક ટ્રસ્ટોમાં વાંધા અરજીઓ, અરજીમાં કે કાયદાકીય જોગવાઈ આધિન પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ની જોગવાઈના અનુક્રમ ના હોય માત્ર કાગળ ઉપર પક્ષકાર દાખલ કર્યા સિવાયની વાંધા અરજીઓ રજુ કરતા હોય આવી અરજી ઉપર સુનવણી શક્ય ના હોય હુકમ થતાં નથી.

શૈક્ષણિક સંસ્થાઓ સીધી કે આડકતરી રીતે સરકારી ગ્રાન્ટ મેળવતી હોય યોજનાનો લાભ મેળવતી હોય અનુદાન સહાય મેળવતી હોય તો આવી તમામ સંસ્થાઓ માંગણા મુજબની વહીવટી રકમ ચેરીટી કમિશ્નરમાં જમા કરાવવી ફરીજીયાત છે. અન્યથા તમામ ટ્રસ્ટી સામે ફોજદારી કાર્યવાહી હવેથી કરવામાં આવશે અને તમામ ટ્રસ્ટી જવાબદાર ઠરશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

### દિન મહિમા

- વેલેન્ટાઈન ડે
- ટેલિફોનની શોધ એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલે કરી હતી. એ આપણે જાણીએ છીએ. ૧૮૭૬માં આ જ દિવસે ગ્રેહામ બેલે પોતાની આ શોધની પેટન્ટ મેળવવા માટે અરજી કરી હતી.

આજનું
### ઔષધ

- મધમાખી, કાનખજુરો જેવા ઝેરી જંતુના ડંખ પર દુધીના ડીંટાને પાણી સાથે ઘસી લેપ કરવાથી ડંખના વિષનો નાશ થાય છે.

### ખડખડાટ

- ન્યૂયોર્ક : અમારે ત્યાં દરેક જમણી બાજુ ગાડી ચાલવે... તમારે ત્યાં ?
રાજકોટ : અમારે ત્યાં... સામેવાળા કઈ બાજુથી આવે થે ઉપર આધાર રાખે છે...

આજનો
### વોટ્સએપ

- જીવનનો નિયમ છે...
જો તમે પ્રતીક્ષા કરી શકો તો બધી ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે.

# જીવનમાં આવતી તકલીફો ઘણીવાર આપણા માટે આશીર્વાદ સમાન બની રહે છે




“સમર્પણ હોય ત્યારે જ રીસામણું શોભે છે,
પરંતુ રીસામણુંય રાધાનું શોભે,
કૈકેયીનું નહીં!!”

વ્યક્તિ જન્મ લે ત્યારથી જ તે વિવિધ સંબંધોથી ઘેરાયેલો હોય છે અને માટે જ મનુષ્યને સામાજિક પ્રાણી કહેવમાં આવે છે તેમ છતાંય Facebook, Twiter અને Whats App આવતાં તો તેનું આ સર્કલ વધુ વિકસીત થયું છે. કેટલાંય લોકો સાથે સંબંધ હોવા છતાં દરેક વ્યક્તિના જીવનમાં માત્ર ગણ્યાં-ગાંડ્યા સંબંધો જ સાચા પ્રેમનાં તાંતણે ગુંથાયેલા હોય છે. બહારથી દેખાવ પૂરતો સંબંધ હોવો અને મનના તાર સાથેનો અતૂટ ઋણાનુબંધ હોવો તેમાં ઘણો મોટો ભેદ રહેલો છે. આપણે ઘણીવાર જોયું છે અને અનુભવ્યું પણ છે કે સાવ અંગત સંબંધોમાં મતભેદ થતા રહેતા હોય, ચકમક ઝર્યા કરતી હોય અને તેમ છતાંય એ સંબંધ આજીવન અતૂટ રહેતો હોય છે. રીસામણાં-મનામણાં પણ હોય અને નાના-મોટા ઝઘડા પણ હોય તેમ છતાં એકબીજાને સમર્પિત હોવાની ભાવનામાં કયારેય ઉણપ જણાતી નથી અને માટે તેમાં સંબંધ તૂટી જવાનો ભય પણ ન હોય!

રાધા-કૃષ્ણની જોડી એ તમામ પ્રેમીયુગલો માટે દીવાદાંડી સમાન રહી છે. કૃષ્ણ ગોકુળ છોડીને ગયા ત્યારે રાણારાણી રીસાયા અને અશ્રુભીના એ ચહેરા પર વિરહની વેદના આજીવન અંકાયેલી રહી.

સ્નેહ અને પ્રેમનાં સંબંધોમાં સૌથી વધુ મહત્ત્વની બાબત છે ત્યાગ અને બલિદાનની ભાવના, સમર્પણની ભાવના! કોઈપણ સંબંધ જયારે પરસ્પર ત્યાગ અને સમર્પણની ભાવનાથી છલકાતો હોય ત્યારે તેમાં અબોલા કે રીસામણા થાય તો પણ તે સંબંધની મીઠાશમાં કોઈ ફેરફાર જણાતો નથી. ઘણીવાર તો આ પ્રકારના મીઠા ઝઘડા સંબંધોમાં વધુ સ્વાદ ઉમેરીને સંબંધને વધુ ગાઢ બનાવે છે.

આજ-કાલ ટી.વી. સિરીયલોમાં જોવા મળતા ઝઘડાઓ, રીસામણાં-મનામણાં, મિલ્કત માટે ઝઘડાઓ, પરિવારના જ સભ્યોના એકબીજા પ્રત્યે રચવામાં આવતા અવનવા છળકપટ આ તમામ કૈકેયીના રીસામણાં સમાન દીસે છે. આપણી આસપાસ બનતી ઘટનાઓ અને છાપામાં રોજેરોજ પ્રસારિત થનારા સમાચારોમાં ઘણીવાર અંગત સંબંધોનું એવું ભયાનક સ્વરૂપ આપણી સામે આવે છે કે તે જોઈને અરેરાટી થઈ આવે! કૈકેયીના રીસામણાનેય સારા કહેવડાવે એ પ્રકારના ઝઘડા અને કાવા-દાવા મિલ્કત માટે કે અન્ય કારણોસર જોવા મળે છે.

જો કે, સિક્કાની બીજી બાજુ જોઈએ - જેઓ વિનામૂલ્યો વર્ષોથી વિદ્યાર્થીઓને વિદ્યાદાન કરે છે કે દરરોજ રોડ પર કૂતરાને બિસ્કીટ નાખતા દાદા હોય, આ પ્રકારના લોકો પણ આપણી આસપાસ વસે છે. અંગત સંબંધો ઉપરાંત માનવતાની મીઠી સોડમ પ્રસરાવતા આ પ્રકારના લોકો સમાજનું ઊજળું પાસું દર્શાવે છે. આજકાલના ઈન્સન્ટ-મિક્સના યુગમાં નાની-નાની બાબતોમાં તરત છૂટાછેડા લેવાના બનાવો આપણે જોયા છે તો એવા કેટલાંક દંપત્તિઓ પણ જોયા છે કે જેઓ એકબીજાના સુખ-દુઃખમાં અડીખમ ચટ્ટાન બનીને ઊભા રહ્યા છે. કોઈ પણ જાતની શારીરિક, માનસિક કે આર્થિક સમસ્યા ઓચિંતી કયાંકથી પણ આવી પડે ત્યારે જૂની બધી ગેરસમજને ભૂલી જઈને સાથે મળીને આવેલી સમસ્યાનો સામનો કરી સંબંધને એક નવી ઊંચાઈ સુધી લઈ જનારા લોકો પણ આપણી આસપાસ આપણે જોયા છે.

Misunderstandings ripper us,
until Cancer hit me.
I fell for you again as you
nursed me.
the disease cured us.

જીવનમાં આવતી તકલીફો ઘણીવાર આપણે માટે આશીર્વાદ સમાન બની રહે છે કારણ કે આવા સમયે જ આપણને લાગણીના ખરા સંબંધોની પરખ થાય છે. બધું જયારે ઠીક-ઠાક હોય ત્યારે આપણી આસપાસના સંબંધો પણ સરસ રીતે ગોઠવાયેલા હોય છે પણ જે ક્ષણે મુશ્કેલી આવી પડે ત્યારે જ ખરી પરીક્ષા થાય છે. જે સંબંધોમાં રીસામણા હોય કે ગેરસમજોનું વટવૃક્ષ રચાઈ ગયું હોય તેવા સંબંધોમાં ચમત્કારિક રીતે નવો વળાંક આવી જાય છે અને આપણે ફરી પાછા આપણા વર્ષોજૂના સંબંધની એક નવી શરૂઆત કરી શકીએ છીએ અને તે પણ પહેલાં કરતાં પણ વધુ પ્રેમ, હૂંફ, લાગણી, ત્યાગ અને સમર્પણ સાથે!

- nehalgadhavi101@gmail.com

# પ્રેમ એટલે શું ? પ્રેમને સમજાવી ન શકાય, એ માત્ર કરી શકાય




આજે પ્રેમ દિવસ છે. પ્રેમનો પણ એક દિવસ હોય એ કેટલી સુંદર વાત છે ! પ્રેમ માણસને રાખે છે હેમખેમ. પ્રેમ એવું રસાયણ છે જે આ સૃષ્ટિને સતત ધબકતી રાખે છે. પ્રેમને બાદ કરો તો કશું બચે નહીં. માણસના અસ્તિત્વ કે વ્યક્તિત્વમાંથી તમે પ્રેમને ખસેડી લો તો એવી દુનિયા બચે જેમાં એક ક્ષણ પણ જીવવાનું મન ન થાય.

આમ તો પ્રેમ પ્રતિક્ષણ જીવવાનો વિષય છે. પ્રેમ લખવાનો, બોલવાનો કે પછી વ્યક્ત કરવાનો વિષય નથી. એ તો અનુભવવાનો વિષય છે અને આમેય કંઈ પ્રેમ ઝટ પકડાય એવો છે નહીં. આપણે, વિનોબા ભાવે કહે છે તેમ પ્રેમને ઘરમાં બાંધી દીધો છે. એ આમ તો બંધાય એવો નથી, પણ જો તમે બાંધવાનો પ્રયત્ન કરો તો જરૂર ગંધાય. આમેય નિયમ એવો છે કે, જે રંધાય તે ગંધાય, જે બંધાય તે ગંધાય.

પ્રેમ વિનાનું જીવન રસ અને કસ વિનાનું છે. જ્યારે વ્યક્તિને પ્રેમ નથી મળતો ત્યારે જ બધા પ્રશ્નો થાય છે. પ્રેમ થાય એ પછીના પ્રશ્નો કરતાં પ્રેમના અભાવમાં જે પ્રશ્નો ઊભા થાય છે તે વધારે વિકરાળ હોય છે. આ દુનિયાના તમામ ગુન્હાઓના પાયામાં તો પ્રેમનો અભાવ જ પડેલો છે. જ્યારે પ્રેમ ઘટે છે ત્યારે માણસ ઊંચો નીચો થઈ જાય છે. દરેક માણસ પ્રેમને ઝંખતો હોય છે. જુદા જુદા સ્તરે એ પ્રેમની અપેક્ષા રાખતો હોય છે. જેમ શ્વાસનું મહત્ત્વ છે એ જ રીતે પ્રેમનું પણ મહત્ત્વ છે. માણસને પ્રેમ ના મળે તો એનું મન ડહોળાઈ જાય.

પ્રેમનાં પણ અનેક સ્વરૂપો છે. સ્ત્રી અને પુરૂષનો માત્ર વિજાતિય પ્રેમ એને જ આપણે સતત ધ્યાનમાં રાખીને વિચારતા હોઈએ છીએ. એ પ્રેમનું સહેજ પણ મહત્ત્વ ઓછું નથી. એ પ્રેમના પાયા પર તો દુનિયાનો વંશવેલો આગળ ચાલે છે. ઉમાશંકર જોષી કહે છે તેમ ભગવાને સ્ત્રી અને પુરૂષમાં પરસ્પર આકર્ષણ મૂકીને એવું અજબ કામ કર્યું છે કે, અડધી દુનિયા બીજી અડધી દુનિયાને સતત ચાહ્યા કરે. વિચાર તો કરો કે જો ભગવાને સ્ત્રી અને પુરૂષમાં પરસ્પર તીવ્ર આકર્ષણ ન મૂક્યું હોત તો દુનિયા કેવી હોત! ગમે તેવી હોત પણ ચાહવા જેવી તો ના જ હોત.

પ્રેમ માતા અને પિતાનો, પ્રેમ ભાઈનો, પ્રેમ બહેનોનો, પ્રેમ સગાં અને વહાલાઓનો, પ્રેમ મિત્રોનો, પ્રેમ કલાનો, પ્રેમ પ્રકૃતિનો, પ્રેમ પરમેશ્વરનો... પ્રેમનું આકાશ અત્યંત વિશાળ છે. ડગલે ને પગલે વ્યક્તિને પ્રેમ ભટકાય છે. પ્રેમ વિનાનું વિશ્વ શક્ય જ નથી.

પ્રેમ, લાગણી, લાગણીવેડા, સ્નેહ, સંવેદના, નેહ, કરુણા, અનુબંધ... આમ જુદા જુદા સ્તરે પ્રેમ વિહરતો હોય છે. એ આસક્તિ રૂપે પણ હોય છે. એટલું યાદ રાખવું જોઈએ કે, પ્રેમ બહુ મોટી શક્તિ છે, પરંતુ પ્રેમ જ્યારે આસક્તિ બની જાય છે ત્યારે તેની શક્તિ ઘટી જાય છે.



આસક્તિ એક એવી અવસ્થા છે જેને તમે પ્રેમનું નબળું રૂપ કહી શકો. આસક્તિ એટલે વૈશ્વિક સંવેદના વિનાનો પ્રેમ. જેમ જેમ વ્યક્તિ માનસિક રીતે વિકસતી જાય છે અને આધ્યાત્મિક રીતે ઊંચી જતી જાય છે તેમ તેની આસક્તિ ઘટતી જાય છે. સાચા પ્રેમને પામવા માટે વ્યક્તિએ આસક્તિથી દૂર જવું જોઈએ.

વીર કવિ નર્મદે લાગવું એ ક્રિયાપદ ઉપરથી પહેલીવાર લાગણી શબ્દ પ્રયોજ્યો. લાગણી એ પ્રેમનું એક સંવેદનશીલ રૂપ છે. એ કદી ન ભૂલવું જોઈએ કે, પ્રેમ એ માત્ર લાગણી નથી. એ લાગણીથી વિશેષ છે. લાગણીનું મહત્ત્વ ખરું, પરંતુ માત્ર તેને આધારે પ્રેમને સમજી નથી શકાતું. લાગણી એ પ્રેમનું એવું પ્રવાહી રૂપ છે કે, વ્યક્તિ લાગણીવેડામાં સરકી જાય છે. આખા ભારતમાં સદીઓથી પ્રેમના નામે લાગણી અને લાગણીવેડા જ વ્યક્ત થતા રહ્યા છે. એના જ મોટા પ્રશ્નો છે. લાગણીવેડાને કારણે પ્રેમનો આભાસ થાય છે, પરંતુ વ્યક્તિનો વિકાસ અટકી જાય છે. લાગણીવેડા હોય ત્યાં ઈમોશનલ બ્લેકમેલિંગ થવાની શક્યતાઓ ખૂબ વધી જાય છે. ભારતની માતાઓ અને બહેનો જો લાગણીવેડાના ઉપરના સ્તરે ગતિ કરે તો ચોક્કસ આ દેશના અનેક સામાજિક પ્રશ્નો ઉકલી જાય.

પ્રેમ અને કાળજી આ બાબતો એકબીજા સાથે અભિન્ન રીતે સંકળાયેલી છે. પ્રેમ એટલે સમર્પણ. પ્રેમ એટલે ત્યાગ. પ્રેમ એટલે બલિદાન. પ્રેમ ભોગનો વિષય જ નથી. પ્રેમ તો કોઈક માટે કશુંક જતું કરવાનો ઈલાકો છે. તમે કોઈ વ્યક્તિને કેટલો પ્રેમ કરો છો તે તમારે માપવું હોય તો તમે એ વ્યક્તિ માટે કેટલું જતું કરી શકો છો એ વિચાર કરજો. કોઈના માટે તમે દુઃખી થાઓ એમ નહીં, પણ કોઈના બદલે તમે દુઃખી થાઓ એ પ્રેમનો પ્રદેશ છે. કોઈના આંખનું આંસુ તમે તમારી આંખમાં સ્થળાંતરિત કરી શકો તો સમજજો કે તમને પ્રેમ કરતાં આવડે છે. તમને સખત ભૂખ લાગી હોય અને તમારા પાસે જે જમવાનું હોય તે તમે બીજાને જમાડીને ઓડકાર લઈ શકો તો જ તમે માનજો કે તમને પ્રેમની સમજણ છે. પ્રેમ એ કંઈ રસ્તામાં મળતી કોઈ ચીજવસ્તુ નથી. એ તો મહાન વસ્તુ છે. સાચો પ્રેમ નસીબદારને જ મળતો હોય છે.

પ્રેમમાં કાળજીનું પણ ખૂબ મહત્ત્વ છે. તમે જેને પ્રેમ કરતા હોવ તેની સતત કાળજી રાખવાનું મન થવું જોઈએ. માત્ર શારીરિક નહીં, માનસિક પણ. તમે આઈ લવ યૂ બોલ બોલ કરો અને પ્રિય પાત્ર માટે કશું ના કરો, ખાસ તો તેની કાળજી ન કરો તો તમારો પ્રેમ ખોટો, તકલાદી, તકવાદી અને સ્વાર્થી છે. તમે ટાણે અવસરે મોંઘી ભેટ લાવીને પ્રિયજનને ખુશ કરી દો એ તો ઠીક મારા ભાઈ, એમાં પ્રેમની સાચી અભિવ્યક્તિ નથી. એ તો સપાટી પરનો પ્રેમ છે. તમે તેના હૃદયમાં પડેલી ચિંતા કે તકલીફને સમજીને એને દૂર કરી શકો તો સાચો પ્રેમ કહેવાય. કોઈકે હળવા સ્મરણમાં એમ કહ્યું છે કે, તાજમહેલ બાંધી આપવો એને જ પ્રેમ ના કહેવાય, પરંતુ ક્યારેક લોટ બાંધી આપવો એને પણ પ્રેમ કહેવાય.

કવયિત્રી પન્ના નાયક કહે છે કે, મને શી ખબર, કે પ્રેમ એટલે આખોથી એકમેકને પૂછાયેલા ખારા ખારા પ્રશ્નો. પ્રેમ અઘરો એટલા માટે બની જાય છે કારણ કે, જીવાતા જીવન સાથે તેને જાળવવાનો હોય છે. સાંસારિક જીવનમાં ડગલે ને પગલે જુદી જુદી જરૂરિયાતો પૂરી કરવાની હોય છે ત્યારે પ્રેમને અકબંધ રાખવાનું કામ અઘરૂં હોય છે. ખારા ખારા પ્રશ્નોના જવાબો મીઠા મીઠા આપવા એનું નામ પ્રેમ.

પ્રેમ અખિલાઈમાં હોય છે. પ્રેમ જેટલો પંડમાં હોય છે એટલો જ બ્રહ્માંડમાં હોય છે. જેમ આત્મા અને પરમાત્મા એક જ છે એ રીતે પંડમાં રહેલો અને બ્રહ્માંડમાં રહેલો પ્રેમ પણ એક જ છે. એ બંનેનું જોડાણ કરવાનું નામ જિંદગી છે.

એક કવિતામાં કહેવાયું છે કે,
આટલા બધા સમય પછી પણ,
સૂર્ય ક્યારેય પૃથ્વીને કહેતો નથી ‘હું તારા ઉપર ઋણ કરું છું’
જુઓ આવા પ્રેમમાં શું ઘટે ?
જે પ્રેમ આખા આકાશને અજવાળે ?

**ગોધૂલિ :**
કોઈનો પ્રેમ ક્યારેય હોતો નથી,
આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે

- હરીન્દ્ર દવે.